## ડીસા પંથકમાં લગ્નોનો મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી....



રાજ્યભરમાં લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે, ત્યારે આજે લોકોએ લગ્નપ્રસંગોને પાર પાડવા લોકોએ આયોજન ઘડી નાખ્યું છે. લગ્નપ્રસંગ માટે મુહૂર્ત જોડાવવામા આવી રહ્યા છે. રાજ્યમાં કોરોનાના અલવિદા થતાં જ અને લોકો અમર્યાદિત સંખ્યામાં લગ્ન પ્રસંગોમાં જોવા મળી રહ્યા છે પર મોટી અસર પડી છે.જોકે, સરકારે કોઈ પણ પ્રકારની ગાઈડ લાઈન ન રાખતા ખુલ્લામાં કરાયેલા લગ્નના આયોજકોને સગાંસંબંધીઓ મિત્રવર્તુળ બોલાવવાનો આનંદ આવી રહ્યો છે ત્યારે આજે લગ્ન સરાની મૌસમ પૂરબહારમાં ખીલી ઉઠતા અમર્યાદિત સંખ્યામાં લોકો ઢોલ નગારા સાથે ડીજેના તાલે ઝૂમતા લગ્ન પ્રસંગોમાં આનંદ માણી રહ્યા છે મોંઘવારીએ માઝા મૂકી દીધી છે તેમ છતાં ડીસા શહેરમાં લગ્ન પ્રસંગોની ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે ગરમી પણ તમામ પ્રકારના રેકોર્ડ તોડી રહી છે તેમ છતાં લોકો પર તેની અસર જોવા મળી રહી નથી

## ખેડબ્રહ્મામાં આગ લાગી : કોઈ જાનહાની નહી



સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા શહેરના વાસણા રોડ પર આજે બપોરે અચાનક આગ લાગતાં ખેડબ્રહ્મા તાલુકા વહીવટીતંત્ર અને ફાયર ફાઈટર સ્થળ પર દોડી આવ્યુ હતુ અને આગને કાબુમાં લીધી હતી. બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ખેડબ્રહ્મા શહેરના વાસણા રોડ પર ફોરેસ્ટ ઓફિસની બાજુમાં ખુલ્લી જગ્યામાં પડી રહેલ લોખંડ ભંગાર, લાકડાં તથા કચરામાં અચાનક આગ લાગી હતી. આગની જાણ થતાં ખેડબ્રહ્મા, વડાલી અને ઈડરના ફાયર ફાઈટર સ્થળ પર દોડી આવીને આગ પર કાબુ મેળવી દીધો હતો અને કોઈપણ જાનહાની થઈ ન હતી. પણ જાહેર રોડ પર પડેલ ભંગાર હટાવી લેવા માટે વહીવટીતંત્રને જાણ કરી હતી. આગ લાગવાનુ કારણ હજુ જાણી શકાયુ નથી તેવુ ચીફ ઓફીસર કલ્પેશ ભટ્ટે જણાવ્યુ હતુ. આગની જાણ થતાં ખેડબ્રહ્મા પ્રાન્ત અધિકારી એચ.યુ.શાહ, મામલતદાર હેતલ વસૈયા, ચીફ ઓફિસર કલ્પેશ ભટ્ટ, યુજીવીસીએલનો સ્ટાફ, પી.એસ.આઈ. પી.પી.જાની પોલીસ ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

## પ્રતિભા સન્માન અને વિદાય સમારોહ યોજાયો



ખેડબ્રહ્માની ડી.ડી.ઠાકર આર્ટ્સ અને કે.જે.પટેલ કૉમર્સ કૉલેજ માં વિધાર્થીઓનો પ્રતિભા સન્માન અને વિદાય સમારોહ મેનેજીંગ ટ્રસ્ટી જેઠાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. શિક્ષણ, સહકાર અને સંસ્કારના ત્રિવેણી સંગમ થકી કૉલેજના વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ એવી ખેડબ્રહ્માની ડી.ડી.ઠાકર આર્ટ્સ અને કે.જે.પટેલ કોમર્સ કોલેજ કટિબદ્ધ છે. આજે યોજયેલ કાર્યક્રમમાં ૨૦૧૯-૨૦ અને ૨૦૩૦-૨૧ના વર્ષમાં ખ્યાતિ અને પ્રતિભાઓ મેળવેલ વિધાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. જ્યારે બી.એ., બી.કોમ અને એમ.એ. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને શુભેચ્છાઓ સાથે વિદાય આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડૉ.દીપકભાઈ રાવલ, અતિથિવિશેષ તરીકે પારસ વિધાલય લાંબડીયાના પ્રિન્સીપાલ વિનોદભાઈ પટેલ, કૉલેજના આચાર્ય વી.સી.નિનામા, પૂર્વ પ્રિન્સીપાલ એન.ડી.પટેલ, અધ્યાપક સ્ટાફ અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ તાલુકામા તસ્કરોનો તરખાટ : એક જ રાત્રીમા ચાર ગામોને નિશાન બનાવ્યા



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામા તસ્કરો નો તરખાટ જોવા મલ્યો હતો જેમા પ્રાંતિજ ના ઝીઝવા, મૌછા, ફતેપુરા, તખતગઢ ગામમા તસ્કરોએ તાળા તોડી સરસામાન વેરવિખેર કરી અંદાજીત બે લાખની ચોરી થઈ હોવાનુ સામે આવ્યુ. પ્રાંતિજ તાલુકાના મૌછા, ફતેપુરા, ઝીંઝવા તથા તખતગઢ ગામે દુકાનો, ડેરી ના તાળા તોડી એકજ રાત્રીમા તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો જેને લઈ ને ગામજનોમા ભયનો માહોલ જોવા મલ્યો હતો જયારે ફતેપુરા ગામમા રાત્રીના સમયે તસ્કરોએ પાંચ જગ્યાઓએ તાળા તોડ્યા હતા જેમા દુધ ડેરી, બે પાર્લર, કરીયાણા દુકાન, મેડીકલ, સહિતના તાળાતોડી સરસામાન વેરવિખેર કરીને અંદાજે છ હજારની ચોરી થઈ હોવાનુ સુત્રો દ્વારા જાણવા મલ્યુ હતુ તો મૌછા ખાતે ગામમા આવેલ ડેરી ના તાળા તોડી અંદર રહેલ તિજોરીના તાળા તોડી તિજોરીમા રહેલ સરસામાન વેરવિખેર કર્યો હતો જયારે ઝીંઝવા ખાતે પણ ડેરીના તાળાતોડી ડેરીની તિજોરીમા મુકેલ ડેરી કર્મચારી અમરતજી મોહનજી ચૌહાણના પોતાના બટાકા વેચાણ કરેલ આવેલ દોડલાખ પોતે ડેરીમા નોકરી આવ્યા હોય ડેરીની તિજોરી મા મુકયા હતા જે તસ્કરો તિજોરી તોડીને ચોરી કરી લઈ ગયા હતા જયારે તખતગઢ કંપા ખાતે પણ તસ્કરો દ્વારા ડેરીના તાળાતોડી સરસામાન વેરવિખેર કર્યો હતો અને ૧૫૦૦ ની ચોરી કરી લઈ ગયા હતા અને ગામમા આવેલ ઉમિયા પાર્લર નુ તાળુ તોડી ૧૦,૫૦૦ ની ચોરી કરી લઈ ગયાહતા જયારે પ્રાંતિજ ના ફતેપુરા, મૌછા, તખતગઢ કંપા, ઝીંઝવા માંથી તસ્કરો રાત્રી દરમ્યાન સરસામાન વેરવિખેર કરી અંદાજીત બે લાખ ની ચોરી થઈ હોવાનુ ચોક્કસ સુત્રો દ્વારા જાણવા મલ્યુ હતુ તો ડેરી સંચાલકો દ્વારા પ્રાંતિજ પોલીસ ને ચોરી થઈ હોવાનુ જાણ કર્યુ હતુ તો એકસાથે ચાર ચાર ગામોમા તસ્કરોએ તરખાટ મચાવતા અન્ય ગ્રામજનોમા પણ ભયંનો માહોલ જોવા મલ્યો હતો અને પ્રાંતિજ સહિત તાલુકામા પ્રાંતિજ પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે ચોરી થઈ હોવાનુ પ્રાંતિજ પોલીસ ને જાણ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા ઘટના સ્થળે જઈ ને આગળ તપાસ હાથ ધરી હતી.

### અધિકારી-પદાધિકારીઓની મીલીભગતના ગંભીર આરોપ

# બુટાલ ગ્રામ પંચાયતના ૨૦ લાખના વિકાસના કામોમાં ગેરરીતિની ફરિયાદ

**માહિતી અધિકાર હેઠળ વિગતો માંગવામાં આવી, અધિકારીઓને તપાસની નવરાશ નથી : એક જ કોન્ટ્રાક્ટરને તમામ કામ આપ્યાના આરોપથી રાજકીય હલચલ મચી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ ધનસુરા તાલુકાની બુટાલ ગ્રામ પંચાયતમાં ૧૫મા નાણાપંચ હેઠળ ફાળવવામાં આવેલી લાખો રુપિયાની ગ્રાન્ટમાં ગેરરીતી આચર્યાની ફરિયાદ અને માહિતી અધિકાર હેઠળ સ્થાનિક અરજદારે માહિતી માંગતાં હલચલ મચી છે. અધિકારી-પદાધિકારીઓની મીલીભગતથી એક જ કોન્ટ્રાક્ટરને તમામ કામ આપ્યાના પણ આરોપ લાગેલા છે. જ્યારે ગ્રાન્ટની રકમ તપાસ કર્યા પછી ચૂકવવાની રજૂઆત પણ નજરઅંદાજ કરાઈ


આ અંગે સ્થાનિક અરજદાર ચંદુભાઈ લક્ષ્મણભાઈ ડાભીના જણાવ્યા અનુસાર સરકારની ૧૫માં નાણાપંચની જોગવાઈ હેઠળ ધનસુરા તાલુકાની બુટાલ ગ્રામ પંચાયતના વિવિધ વિસ્તારોમાં સી.સી.રોડ, ગટરના કામ માટે ૨૦,૭૭,૨૩૮ની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. પરંતુ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી, ટી.ડી.ઓ. તેમજ એસ., અને સરપંચ વગેરેની મીલીભગતથી તદન હલકી કક્ષાના વિકાસના કામો થયા હોવા છતાં બીલ મંજૂર કરી દેવામાં આવ્યા છે. ક્વોલીટી કંટ્રોલ વિભાગ દ્વારા તમામ કામોની તપાસ થાય તો પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કામ થયું છે કે કેમ..?? તેનો પર્દાફાશ થઈ શકે છે. જ્યારે આ અંગે અરજદારે માહિતી અધિકાર હેઠળ માહિતી માંગવા છતાં સંપૂર્ણ માહિતી આપવામાં આવતી નથી. જ્યારે ગ્રામ પંચાયતમાં ૧૫મા નાણાપંચની ફળવાયેલી વિકાસના કામોની ગ્રાન્ટ માત્ર એક જ કોન્ટ્રાકટરને કામ કેવી રીતે મળ્યું..?? તેવા સવાલ પણ ઉઠવ્યા છે. આ મામલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા યોગ્ય તપાસ નહીં થાય તો મુખ્ય મંત્રી સમકા સાધનિક પુરાવા સાથે રજુઆત કરવાનો અરજદારે નિર્ણય કર્યાનું પણ જાણવા મળ્યું છે.

### યોગ્ય તપાસ થશે – અરવલ્લી ડી.ડી.ઓ.

અરવલ્લી ડી.ડી.ઓ. શ્વેતાબેન તેવટીયાએ જણાવ્યું કે આ અંગેની કોઈ ફરિયાદ મારા ધ્યાન ઉપર આવી નથી પરંતુ ટી.ડી..ને આ અંગે જાણ કરી યોગ્ય તપાસ કરવામાં આવશે.

**તમામ કામ એક જ કોન્ટ્રાક્ટરને, દાળમાં જરુર કંઈક કાળુ છે?**

સ્થાનિક અરજદાર ચંદુભાઈ ડાભીએ આરોપ લગાવ્યો છે કે બટાલ ગ્રામ પંચાયતમાં એક જ કોન્ટ્રાક્ટર દિલીતકુમાર કોદરભાઈ ખાંટ તમામે તમામ ૨૦ લાખ રુપિયાના વિકાસના કામ કર્યા છે તેની તપાસ થવી જોઈએ. જ્યારે લોકચર્ચા એવી છે કે કોઈપણ ગ્રામ પંચાયતને વિકાસનું કામ કરવું હોય તો સૌથી પહેલાં દિશીત કોદરભાઈ ખાંટને કામ આપવું પડે તો જ ગ્રાન્ટ મંજૂર થાય છે. આવી ગંભીર ફરિયાદમાં તથ્ય હોય તો રાજ્ય સરકારે ઉચ્ચ કક્ષાએથી તપાસ કરાવવી જોઈએ.



### એક જ કોન્ટ્રાકન્ટરને કામો આપી ગેરરીતીના આરોપ લાગ્યા...

ધનસુરા તાલુકાના બુટાલ ગામના ચંદુભાઈ એલ.ડાભીએ ગ્રામ પંચાયતમાં વિકાસના કામમાં એક જ કોન્ટ્રાકટરને કામ આપી તેમાં ગંભીર ગેરરીતીના આરોપ લગાવ્યા છે જેમાં..

| કામની વિગત | કોન્ટ્રાકટરનું નામ | ગ્રાન્ટની રકમ |
|---|---|---|
| નગરી વિસ્તાર | ચેહર સિમેન્ટ ડેપો એન્ડ સિમેન્ટ આર્ટીકલ | રૂા. ૧.૫૯ લાખ |
| નગરી વિસ્તાર | ખાંટ દિલીતકુમાર કોદરભાઈ | રૂા. ૧.૩૪ લાખ |
| નાળીયા સમાજ સ્મશાન વિસ્તાર | ખાંટ દિલીતકુમાર કોદરભાઈ | રૂા. ૦.૭૦ લાખ |
| નાળીયા સમાજ સ્મશાન રોડ | ચેહર સિમેન્ટ ડેપો એન્ડ સિમેન્ટ આર્ટીકલ | રૂા. ૦.૭૬ લાખ |
| જામઠા રોડ, આદિવાસી વિસ્તાર | ચેહર સિમેન્ટ ડેપો એન્ડ સિમેન્ટ આર્ટીકલ | રૂા.૧.૦૦ લાખ |
| જામઠા રોડ, આદિવાસી એરીયા | ખાંટ દિલીતકુમાર કોદરભાઈ | રૂા.૦.૯૫ લાખ |
| કોદરભાઈ ડાભીના ઘર પાસે રોડ | ચેહર સિમેન્ટ ડેપો એન્ડ સિમેન્ટ આર્ટીકલ | રૂા.૦.૮૧ લાખ |
| કોદરભાઈ ડાભીના ઘર પાસે રોડ | ખાંટ દિક્ષીતકુમાર કોદરભાઈ | રૂા. ૦.૭૨ લાખ |
| દેવીપૂજકવાસ સ્મશાન પાસે રોડ | ખાંટ દિક્ષીતકુમાર કોદરભાઈ | રૂા. ૧.૩૪ લાખ |
| દેવીપુજકવાસ મશાન પાસે રોડ | ચેહર સિમેન્ટ ડેપો એન્ડ સિમેન્ટ આર્ટીકલ | રૂા. ૧.૫૯ લાખ |
| કંજરીકંપા ગટર લાઈન | ચેહર સિમેન્ટ ડેપો એન્ડ સિમેન્ટ આર્ટીકલ | રૂા. ૨.૨૨ લાખ |
| કિંજરીકંપા ગટર લાઈન | ખાંટ દિલીતકુમાર કોદરભાઈ | રૂા. ૧.૭૨ લાખ |
| દૂધ મંડળી પાસે ગટર લાઈન | ખાંટ દિલીતકુમાર કોદરભાઈ | રૂા. ૦.૯૩ લાખ |
| જામઠા ગટર લાઈન | ચેહર સિમેન્ટ ડેપો એન્ડ સિમેન્ટ આર્ટીકલ | રૂા. ૨.૨૫ લાખ |
| જામઠા ગટર લાઈન | ખાંટ દિલીતકુમાર કોદરભાઈ | રૂા. ૧.૭૮ લાખ |

# બાયડ તાલુકાનો બ્લોક હેલ્થ મેળો ડેમાઈ ગામમાં યોજાયો

### ૪૬૦ દર્દીઓએ લાભ લીધો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ આઝાદીકા અમૃત મહોત્સવ અન્વયે બાયડ તાલુકા બ્લોક હેલ્થ મેળો ડેમાઈ ગ્રામ પંચાયતના હોલમાં ગુરુવારે યોજવામાં આવ્યો હતો જેમાં ૪૦૦ દર્દીઓએ લાભ લીધો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં રાજયના આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્યમાન ભારત બ્લોક હેલ્થ મેળાનું વિવિધ વિસ્તારોમાં આયોજન થયું છે. તા.૨૧ના રોજ ડેમાઈ ખાતે તાલુકા આરોગ્ય કચેરી-બાયડ, આરોગ્ય શાખા જિલ્લા પંચાયત-અરવલ્લી, મોડાસાના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય મેળાનું આયોજન થયું જેમાં આયુષ્યમાન ભારત કાર્ડ, ટેલી કન્સલ્ટેશન, મોતીયાળંદની તપાસ, ડાયાબીટીશ, હાઈપર બી.પી. ની તપાસ, તેમજ આરોગ્ય સંભાળ સેવાઓ અને વિના મૂલ્ય દવાઓ તેમજ હેલ્થ આઈ. ડી. સહિતના કાર્યક્રમોનું આયોજન થયું હતું જેમાં ૪૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. બાયડ તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબા સોલંકી, આર.સી. એચ.ઓ. ડી.એ. બી.પટેલ ઉપરાંત બાયડ પ્રાંત અધિકારી, બાયડ મામલતદાર, બાયડ ટી.ડી. વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા હેલ્થ અધિકારી ડ.ધર્મેન્દ્રભાઈ સી. પરમાર તથા ડેમાઈ મેડીકલ ઓફીસર ડ.નિરવ પટેલે વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ, આયુષ્યમાન ભારત કાર્ડ વિગેરે અંગે જરૂરી માહિતી આપી હતી.




### માસૂમ ભૂલકાંઓને આંગણવાડીમાં ભણતર

# પાણીની તંગી છતાં ઉત્તર ગુજરાતમાં કુદરતના અગનગોળા વચ્ચે પણ ધમધમતા આંગણવાડી કેન્દ્રો, બાળકોની પાંખી હાજરી

**રાજ્ય સરકાર આ મુદ્દાને ગંભીરતાપૂર્વક લઈ વિચારે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ ઉત્તર ગુજરાતની પ્રજા ભીષણ ગરમીની જપેટમાં આવી છે પરંતુ ૩ થી સાડા પાંચ વર્ષની વયના બાળકો માટે કાર્યરત ૯૦૦૦ થી વધુ આંગણવાડી કેન્દ્રો ઉત્તર ગુજરાતમાં ધોમધખતો તાપ અને બફારા વચ્ચે ધમધમી રહ્યા છે. માંડ બાળકોની ૫ થી ૬ બાળકોની હાજરી હોવા છતાં આંગણવાડીમાં કેમ સંપૂર્ણ વેકેશન આપવામાં આવતું નથી..?? ઉત્તર ગુજરાતમાં પાણીની તંગી છે અને વારંવાર વીજળી ડૂલ થઈ રહી છે ત્યારે આંગણવાડીમાં હાલ પૂરતું વેકેશન જાહેર કરવું જોઈએ.

રાજ્ય સરકારની મધ્યાહન તેમજ આંગણવાડી કેન્દ્રોની યોજનાઓ એક રીતે ભ્રષ્ટાચાર આદરવાનું મોટું જહાજ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. સરકારી પ્રા.શાળાઓમાં સરકારે ઓનલાઈન હાજરી શરૂ કરતાંની સાથે જ મધ્યાહન ભોજન યોજનાઓમાં ચાલતું લોલમલોલ બહાર આવી રહ્યું છે ત્યારે લાખો રૂપિયાનું કરીયાણું અત્યાર સુધી ક્યાં ઘર કરી ગયું..?? તે ચર્ચાનો વિષય છે. જ્યારે આંગણવાડી કેન્દ્રોમાં પણ નોંધાયેલા ૨૦ થી ૨૫ બાળકોના બદલે માંડ ૩-૪ બાળકો આવતા હોવા છતાં તેમના ભાગનું ભોજન બારોબાર ઓહીયા થઈ જાય છે. કેટલીકવાર તો જાનવર પણ ન ખાય તે રીતે હલકી ગુણવત્તાનું ભોજન આંગણવાડીમાં પીરસાય છે. માત્ર પ્રવેશોત્સવના દિવસે જ બાળકોને સારૂ ભોજન આંગણવાડી કેન્દ્રો દ્વારા અપાતું હોય છે (કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહીં) ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાઓમાં છેલ્લા ૧૮ દિવસથી તાપમાનનો પારો ૪૦ ડીગ્રીને પાર કરી ગયેલો છે. ૫ દિવસ સુધી તો યલો અને ઓરેન્જ એલર્ટની સ્થિતિ હતી છતાં પણ આંગણવાડી કેન્દ્રોમાં વેકેશન પાડવામાં આવતુ નથી જેના કારણે ભૂલકાંને ધોમધખતા તાપમાં જોર પરાણે કક્કો અને બારાખડી બોલવા માટે આવવાની નોબત આવી છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને રાજ્યના તમામ જિલ્લાઓમાં પાણીની તંગી અને ગરમીને ધ્યાને રાખીને આંગણવાડી કેન્દ્રોમાં વેકેશન જાહેર કરી દેવું જોઈએ. આંગણવાડીમાં કર્મચારીઓ માટે પણ વેકેશનના વિચિત્ર નિયમો છે જેમાં તા.૧ થી ૧૫ મે. દરમ્યાન આંગણવાડી કાર્યકરોને અને ત્યારબાદ તા.૧૬ થી ૩૦ મે. દરમ્યાન તેડાગરોને રજા આપવામાં આવતી હોય છે. રાજ્યની સંવેદનશીલ સરકાર આ મુદ્દે ગંભીર બની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી આંગણવાડી કેન્દ્રોમાં વાવણીલાયક વરસાદ ન થાય ત્યાં સુધી વેકેશન જાહેર કરે તેવી માંગ બુલંદ બની છે.

# બનાસકાંઠા જિલ્લાના ૩૦૦થી વધુ ગ્રામ પંચાયતોમાં વહીવટદાર મૂકાશે...


**મુદત પૂરી થતી હોય તેવી ગ્રા.પં.ની વિકાસ કમિશનરે દરખાસ્ત માગ**

પાલનપુર તા. ૨૨ ગ્રામ પંચાયતની ચૂંટણીના ભણકારા વચ્ચે વિભાજન થયેલી અને જૂન મહિના સુધીમાં મુદત પૂર્ણ થતી હોય તેવી ગ્રામ પંચાયતોમાં વહીવટદારની નિમણૂંક કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી પાસે વિકાસ કમિશ્નરે દરખાસ્ત માગી છે. જેને લઈ આવી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ હવે મોડી થાય તેવી શક્યતા ઉભી થઈ છે. બ.કા. જિલ્લામાં મુદત પૂરી થતી હોય તેવી ૩૦૦થી વધુ ગ્રામ પંચાયતોમાં હાલમાં એપ્રિલ મેમાં ચૂંટણી નહિ યોજાય આવી પંચાયતોમાં હવે વહીવટદાર મૂકાશે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જિલ્લાની નવી વિભાજીત થયેલી ૭૨ ગ્રામ પંચાયતોમાં અગાઉ વહીવટદાર મુકાયા હતા. ઓક્ટોબર નવેમ્બર ૨૦૨૧ અને ત્યાર બાદ વિભાજિત થયેલી તેમજ એપ્રિલથી જૂન ૨૦૨૨ સુધીમાં ૫ વર્ષની મુદત પૂર્ણ થતી હોય તેવી ગ્રામ પંચાયતોની ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૨૭૮ હેઠળ વહીવટદારની નિમણૂક કરવા નિયત નમૂનામાં ધોરણ સરની દરખાસ્ત કરવા ગાંધીનગર વિકાસ કમિશનર દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને પત્ર કરાયો છે. જેને પગલે જિલ્લા પંચાયત દ્વારા તમામ તાલુકા વિકાસ અધિકારીઓ પાસે એપ્રિલથી જૂન ૨૦૧૨ સુધીમાં મુદત પૂર્ણ થતી હોય તેવી ગ્રામ પંચાયતની માહિતી માગવામાં આવી છે.


આ અંગે જિલ્લા પંચાયતની પંચાયત શાખાનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે હાલમાં જે પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે તેની વિગતો એકત્રિત કરી રહ્યા છીએ વિગતો એકત્રિત થયા બાદ જણાવીશું.

**ટચુકડી**
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### જન્મદિને વધામણી



અતુલભાઇ એ.પરમાર
બાયડ



ભાવેશભાઈ એમ.પટેલ
બાયડ



બકુલચંદ્ર પંડ્યા
ધનસુરા

### અરવલ્લી પોલીસનો સપાટો

# મોડાસા રૂરલ પોલીસે બે કારમાંથી ૧.૫૧ લાખનો અને શામળાજી પોલીસે કારમાંથી ૩૩ હજારનો દારૂ ઝડપ્યો, ૩ બુટલેગર દબોચ્યા

મોડાસા, તા. ૨૨ અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર વિદેશી દારૂની હેરાફેરી અને વેપલાને અટકાવવા સતત દોડાદોડી કરી રહી છે જીલ્લા પોલીસ તંત્ર છેલ્લા એક સપ્તાહમાં બુટલેગરો પર ખાખી ભારે પડી રહી છે વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવાના બુટલેગરોના વિવિધ કીમિયાને નિષ્ફળ બનાવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે મોડાસા રૂરલ પોલીસે ઈકો કારમાંથી મોંઘીદાટ ૭૮ બોટલ અને અલ્ટો કારમાંથી વિદેશી દારૂ અને બિયરની ૧૨ પેટી સાથે નવા નરોડાના વિજયસિંહ રાજપૂતને દબોચી લીધો હતો શામળાજી પોલીસે સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી ૩૩ હજારથી વધુના શરાબ સાથે બે બુટલેગરોને દબોચી લીધા હતા

મોડાસા રૂરલ પીએસઆઈ સી.એફ.રાઠોડ અને તેમની ટીમે રાજેન્દ્રનગર ચોકડી નજીક નાકાબંધી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં ઈકો કારમાં વિદેશી દારૂ ભરી આવતા બે બુટલેગરો પોલીસ ચેકીંગ જોઈ રોડ પર ઈકો કાર મૂકી ફરાર થઈ જતા પોલીસે ઈકો કારમાંથી મોંઘીદાટ ૭૮ બોટલ રૂ.૧૦૩૩૮૦/-,ઈકો કાર મળી ૪.૦૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા તેમજ અન્ય એક બનાવમાં અલ્ટો કારમાં રાજસ્થાન તરફથી ૪૮ હજારથી વધુનો વિદેશી દારૂ ભરી પસાર થતા અમદાવાદ નવા નરોડાના બુટલેગર વિજયસિંહ ઉમેદસિંહ રાજપૂતને દબોચી લઈ ૨.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક સ્વીફ્ટ ડિઝાયર કારમાં ૩૩ હજારથી વધુ દારૂ ભરી પસાર થતા અમદાવાદ વસ્ત્રાલની સોમનાથ સોસાયટીમાં રહેતા મેહુલ અવધેશ ગારડીયા અને વસ્ત્રાલ કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા નિલેશ દશરથ પટેલ નામના બે બુટલેગરોને દબોચી લઈ રૂ.૩.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બંને બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા કારમાં દારૂ ભરી આપનાર રાજસ્થાન વીંછીવાડાના રેલવે સ્ટેશન સામે આવેલ ઠેકાના માલિક સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



# ધનસુરાની માલપુર ચોકડી પાસે જનઆરોગ્ય, પર્યાવરણ માટે જોખમી કચરો ઠલવાયો

**પ્રાદેશિક અધિકારીએ પરપ્રાંતિય ટ્રકચાલક સામે ફરિયાદ નોંધાવી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

અરવલ્લીમાં પર્યાવરણ અને માનવ આરોગ્ય માટે ઔદ્યોગિક કચરો ઠાલવાની વધતા બનાવોમાં ધનસુરાની માલપુર ચોકડી પાસે અંદાજીત ૨૦૦ કીલોથી વધુ ઔદ્યોગિક એકમની જોખમી કચરો ઠાલવી પરપ્રાંતિય ટ્રકચાલક ફરાર થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ધનસુરા પોલીસે ઈન્ચાર્જ પ્રાદેશિક અધિકારીની ફરિયાદના આધારે ટ્રકચાલક તેમજ ઔદ્યોગિક એકમના બેજવાબદાર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

જિલ્લામાં જાણી જોઈને માનવ આરોગ્ય તેમજ પર્યાવરણને જોખમમાં મૂકવાના પ્રયાસ થઈ રહ્યા છે. રાજસ્થાનમાં ધમધમતા ઔદ્યોગિક એકમોનો વેસ્ટ નિયમોને નેવે મૂકી કચરો ઠલવાઈ રહ્યો છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સૃષ્ટી, માનવ જીવન, જમીન, જળસ્ત્રોત અને પ્રાણીઓ માટે ખતરારુપ કચરો ઠલવાઈ જાય તે પછી ઉંઘમાંથી સફાળું જાગતું હોય છે. ધનસુરા-બાયડ રોડ ઉપર આવેલી માલપુર ચોકડી નજીક તા.૭ ફેબ્રુઆરીના રોજ રાજસ્થાની ટ્રકચાલક ઔદ્યોગિક એકમમાંથી જોખમી કચરો લાવી ચોકડી પાસે ઠાલવી ગયો હતો. ચોકડીથી માત્ર ૧૦૦ મીટર દૂર રોડની બાજુમાં માનવી તેમજ પર્યાવરણ માટે ઘાતક વેસ્ટ ઠાલવામાં આવતાં સ્થાનિકો ચોકી ઉઠ્યા હતા. સંભવિત રીતે રાજસ્થાનના કોઈ એકમાંથી આ વેસ્ટ ભરી લાવી ટ્રક(ન.આર.જે.૦૯-જીબી-૦૯૫)ના ચાલકે કોઈની નજર ન જાય તે રીતે રાત્રે અંધારામાં ઠાલવી દીધાનું જણાઈ આવતાં તપાસ શરુ કરવામાં આવી હતી. જોખમી વેસ્ટની જાણકારી મળતાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-હિંમતનગરના ઈન્ચાર્જ પ્રાદેશિક અધિકારી રાહુલ રામનારાયણ કનોજીયા દ્વારા જરુરી વિગતો મેળવી કાયદાકીય પગલાં ભરવા માટે ટ્રકચાલક વિરુદ્ધ ફરિયાદ આપવામાં આવતાં ધનસુરા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.